| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૧.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૨૯.૦° સે. | ૨૪.૦° સે. |
| વલસાડ | ૩૦.૦° સે. | ૨૭.૦° સે. |
| વાપી | ૩૦.૦° સે. | ૨૭.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫




## નવસારી-વલસાડમાં અસલીના નામે વેચાતા કૃત્રિમ પનીરનો નાશ

# ‘એનાલોગ પનીર’નો કાળો કારોબાર

**વલસાડ,** વાપી, ઉમરગામ અને પારડીની વિવિધ ડેરીઓ પર ચેકિંગ

**ફૂડ એન્ડ** ડ્રગ્સ વિભાગના દરોડામાં રૂપિયા ૨૨,૩૪૯ ની કિંમતનો અમાનક જથ્થો ઝડપાયો

વલસાડ : શુદ્ધતા અને સ્વાદના નામે આરોગ્ય સાથે રમત રમતા તત્વો સામે વલસાડ જિલ્લા તંત્રે લાલ આંખ કરી છે. ગ્રાહકોને અસલીના નામે પધરાવવામાં આવતા કૃત્રિમ ‘એનાલોગ પનીર’ના કાળા કારોબાર પર ખોરાક અને ઔષધ નિયમન તંત્રે ત્રાટકીને મોટો પર્દાફાશ કર્યો છે.

ગાંધીનગર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના કડક આદેશ બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વલસાડ સર્કલની ટીમે સમગ્ર જિલ્લામાં એકીસાથે દરોડા પાડીને ભેળસેળિયાઓ અને અમાનક ડેરી ઉત્પાદકોમાં ફફડાટ મચાવી દીધો છે. જાહેર જનતાના આરોગ્યની સુરક્ષાને ધ્યાને રાખી ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમે વલસાડ, વાપી, ઉમરગામ અને પારડી જેવા વિવિધ વિસ્તારોમાં આવેલી ડેરીઓ તેમજ ફૂડ પ્રોડક્ટ્સ એકમો પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ ઝુંબેશ દરમિયાન આરોગ્ય માટે જોખમી એવા એનાલોગ પનીરનો જથ્થો શોધી કાઢી તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કામગીરી દરમિયાન અલગ-અલગ ડેરીઓમાંથી કુલ ૭૫.૪ કિલોગ્રામ એનાલોગ પનીરનો જથ્થો નાશ કરવામાં આવ્યો છે,

જેની બજાર કિંમત રૂપિયા ૨૨,૩૪૯ જેટલી થાય છે. વલસાડ સર્કલના ડેઝીગ્નેટેડ ઓફિસરના જણાવ્યા અનુસાર, હજુ પણ જિલ્લાભરમાં પનીર, બટર અને ચીઝનું વેચાણ કરતા અન્ય એકમો પર તપાસ સતત ચાલુ રહેશે અને શંકાસ્પદ જથ્થો મળી આવ્યે કાયદાકીય ધોરણે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

### તમારા થાળીમાં પીરસાતું પનીર નકલી તો નથી ને...



### નવસારીમાં 20 ખાદ્ય એકમોની તપાસ, 7 નમૂના લેબમાં મોકલાયા

**નિયમોનું** ઉલ્લંઘન કરનાર સામે ૧૦ લાખ સુધીના દંડની ચેતવણી આપવામાં આવી

નવસારી: નવસારી જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગે હોટેલો, રેસ્ટોરન્ટ, ડેરી અને અન્ય ખાદ્ય એકમોમાં સઘન ચકાસણી કરી કુલ 20 ખાદ્ય એકમોની તપાસ કરવામાં આવી હતી. જેમાં શંકાસ્પદ લાગતા સાત નમૂનાઓને પૃથ્થકરણ માટે રાજ્યની માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. હવે લેબોરેટરીના રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. નાયબ નિયામક અને ડેઝિગ્નેટેડ ઓફિસર ટી.કે. નાગરએ જણાવ્યું હતું કે એનાલોગ પનીરના ગેરકાયદેસર ઉપયોગ સામે જિલ્લામાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. આ અભિયાન વધુ સઘન બનાવવામાં આવશે, જેમાં હાઇવે પર આવેલી હોટેલો, લારી-ગલ્લા, ફાસ્ટ ફૂડ સેન્ટર, કેટરિંગ એકમો અને અન્ય ખાદ્ય વ્યવસાયોની પણ વિશેષ તપાસ હાથ ધરાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નવસારી જિલ્લામાં એનાલોગ પનીરનું ઉત્પાદન કરતું કોઈ એકમ મળી આવ્યું નથી. ફૂડ વિભાગે ચેતવણી આપી છે કે એનાલોગ પનીરનો ગેરકાયદેસર ઉપયોગ અથવા વેચાણ કાયદાનો ભંગ ગણાય છે. આવા કિસ્સામાં સંબંધિત જોગવાઈઓ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે અને દોષિત સામે રૂપિયા 10 લાખ સુધીનો દંડ ફટકારવાની જોગવાઈ પણ છે. તેથી ગ્રાહકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને વિભાગ દ્વારા સતત દેખરેખ અને સઘન તપાસ ચાલુ રાખવામાં આવશે.

### ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને અહીંથી અમાનક જથ્થો મળી આવ્યો

તંત્ર દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીમાં ઉમરગામની ગોકુલ ડેરીમાંથી ૪ કિલો, શ્રી સાંવરીયા ડેરીમાંથી ૩ કિલો, રાધા કૃષ્ણ ડેરીમાંથી ૫ કિલો, વાપીની ભેરુનાથ ડેરીમાંથી ૧ કિલો, શ્રી ધરમરાજ ડેરીમાંથી ૧૩ કિલો, શિવ આરતી ડેરીમાંથી ૬ કિલો, શ્રી સાવરીયા ડેરી એન્ડ સ્વીટ (છીરી)માંથી ૪.૯ કિલો, ધર્મરાજ ડેરી (છરવાડા)માંથી ૭ કિલો, માતેશ્વરી ડેરીમાંથી ૪.૫ કિલો અને લક્ષ્મી ડેરીમાંથી ૩ કિલો એનોલોગ પનીર ઝડપી પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત પારડીની ધારા ડેરીમાંથી ૨ કિલો અને ગોકુલ ડેરીમાંથી સૌથી વધુ ૨૨ કિલોગ્રામ જેટલો અમાનક જથ્થો મળી આવ્યો હતો.



### તંત્રની બેદરકારી અને નિષ્ક્રિયતાને કારણે લોકોમાં ભારે રોષ

# શિક્ષણ મેળવવા જીવના જોખમે નદી પાર કરતા વિદ્યાર્થીઓ

**વલસાડ** પીચીંગ ઔરંગા નદીના પુલને અઠવાડિયા વિતવા છતાં તંત્ર નિષ્ક્રિય

**ઔરંગા** નદીનો પુલ પૂરના પાણીમાં ધોવાયાને એક સપ્તાહ વીત્યો છતાં તંત્ર સમારકામ કરાયું નથી

વલસાડ : વલસાડના બંદર રોડ પીચિંગ નજીક આવેલો અને ઔરંગા નદી પરથી પસાર થતો મહત્વનો પુલ પૂરના પાણીમાં ધોવાઈ ગયાને આજે એક અઠવાડિયા જેટલો સમય વીતી ગયો છે. આમ છતાં, સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ પુલના સમારકામ કે પુનઃનિર્માણ માટે કોઈ જ જાતની કાર્યવાહી કરવામાં આવી નથી. તંત્રની આ ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતાને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ અને આક્રોશ વ્યાપી ગયો છે. આ પુલ વલસાડ શહેર અને આસપાસના અનેક ગ્રામ્ય વિસ્તારોને જોડતી મહત્વની કડી છે. આ પુલ પરથી દરરોજ હજારો લોકો પસાર થાય છે. ખાસ કરીને લીલોપોર, ભદેલી, ભદેલી જગાલાલા, હિગરાજ, ડુંગરી. આ તમામ ગામોના રહીશો, વેપારીઓ અને નોકરિયાત વર્ગ પોતાના દૈનિક કામકાજ માટે આ જ પુલનો ઉપયોગ કરે છે. પુલ ધોવાઈ જવાથી આ વિસ્તારનો સંપર્ક ખોરવાયો છે અને લોકોને લાંબો ફેરાવો કરવાની નોબત આવી છે. અવરજવર માટે કોઈ યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાના કારણે કેટલાક લોકો પોતાના જીવના જોખમે તૂટેલા પુલ કે નદીના વહેણમાંથી પસાર થવા માટે મજબૂર બન્યા છે. સૌથી માઠી અસર શાળાએ જતા નાના-નાના વિદ્યાર્થીઓ પર પડી રહી છે. શિક્ષણ મેળવવા માટે દરરોજ જીવના જોખમે નદી પાર કરવી એ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે ચિંતાનો મોટો વિષય બન્યો છે. કોઈ પણ ક્ષણે અહીં મોટી હોનારત કે અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિક રહીશો અને ગ્રામજનોની એક જ ઉગ્ર માંગ છે કે, કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પહેલાં વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક વહેલી તકે આ પુલનું સમારકામ પૂર્ણ કરી વાહનવ્યવહાર પૂર્વવત શરૂ કરાવે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભીલાડમાંથી રૂપિયા 3.92 લાખના ગાંજાના જથ્થા સાથે 4 ઈસમો ઝડપાયા

ઉમરગામ : ભીલાડમાંથી રૂપિયા 3.92 લાખનો ગાંજાના જથ્થા સાથે 4 ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા જ્યારે એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે. ભીલાડ પોલીસને બાતમી મળી હતી કે એક અર્ટીગા કારમાં ચારથી પાંચ ઈસમો ગેરકાયદેસર ગાંજાનો જથ્થો લઈને મુંબઈથી વાપી તરફ આવી રહ્યા છે અને ભીલાડ હાઇવે નહેરની બાજુમાં પ્લાટપાડા નેશનલ હાઇવે પાસે કાર પાર્ક કરીને ઉભા છે. જે બાતમીના આધારે પોલીસ શુક્રવારે 5:15 કલાકે ઝડપી પાડ્યા હતા. અને 7.848 કિલોગ્રામ રૂપિયા 3,92400 ની કિંમતનો ગાંજાનો જથ્થો તથા ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂપિયા 10,000 મળી કુલ રૂપિયા 4,02400 નો મુદ્દામાં કબજે લીધો હતો અને વિનીત વિનાયક અંતરયામી બેહરા (ઉ.વ 20 રહે. તુલસી નગર બલાંગીર ટાઉન), ગણેશ્વર સહદેવ મુગરી (ઉ.વ 30 થાના સદર જી.બલનગિર સદેઈપલી), જ્યોતિ રંજન જેઠુ શાહુ (ઉ.વ 21 કંડાજૂરી જી બલનગિર પંડરાની), વિકાશ ઉર્ફે વિશ્વજીત ઉર્ફે વીસુ રાજેશ દુબે (ઉ.વ 24 રહે. લવાછા વાપી) ની અટક કરી હતી.અને અર્ટીગા કાર પણ કબજે કરી હતી.

### નાનાપોંઢામાં પિકઅપમાંથી ખેરના છોલેલા લાકડાં સાથે એકની ધરપકડ

વલસાડ : નાનાપોંઢા વન વિભાગ પાસેથી મળેલી બાતમીના આધારે, નાનાપોંઢા રેન્જ વિસ્તારમાંથી મહિન્દ્રા જીનીઓ પિક અપમાંથી ખેરના છોલેલા 0.343 ઘન મીટર લાકડાં નંગ 33 મળી આવ્યા હતા અને ટીમ દ્વારા ચાલકની અટક કરી વધુ તપાસ હાથ ધરી હતી. નાનાપોંઢા વન વિભાગના જણાવ્યા મુજબ મુખ્ય, વન સંરક્ષક વલસાડ વન વર્તુળ ડો.બી.સુચિન્દ્રા અને નાયબ વન સંરક્ષક દક્ષિણ ડી.એન.રબારીના માર્ગદર્શન હેઠળ મળેલી બાતમીના આધારે, નાનાપોંઢા આર.એફ.ઓ. જે.એસ.ભેડા સહિત તેમના કર્મચારીઓએ વોચ ગોઠવી 5 ઓગસ્ટના રાત્રે 12 વાગ્યાની આસપાસ નાનાપોંઢા રેન્જ વિસ્તારમાંથી પસાર થતી મહિન્દ્રા જીનીઓ પિકઅપ નંબર જી.જે.21.વી.9553 માંથી ખેરના છોલેલા 0.343 ઘન મીટર લાકડાં નંગ 33 મળી આવ્યા હતાં. વિભાગના અધિકારીઓએ પિકઅપમાંથી ભાવિન સુરેશભાઈ પટેલ (રહે.પરવાસા, તા.પારડી)ની અટક કરી વધુ તપાસ નાનાપોંઢા વન વિભાગ કરી રહી છે.

### ચીખલીની એ.બી.સ્કૂલનું ગૌરવ



ઘેજ : એસજીએફઆઇ શાળાક્રિય બેટમિન્ટન સ્પર્ધામાં ચીખલીની એ.બી.સ્કૂલની બાળાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. અંડર 19 બેટમિન્ટન શાળાક્રિય સ્પર્ધાનું આયોજન નવસારી સ્પોર્ટ કોમ્પ્લેક્ષમાં યોજાઈ હતી. જેમાં નવસારી જિલ્લાના તાલુકાની તમામ શાળાએ ભાગ લીધો હતો. જેમાં ધો 11(com E) માં અભ્યાસ કરતી વાધુ ભુમિ મનોજકુમારે કુલ નવ સ્પર્ધકમાંથી દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યું હતું. જે હવે સ્ટેટ લેવલે વડોદરા ખાતે પોતાનું પ્રતિનિધિત્વ કરશે. આ સુંદર દેખાવ બદલ શાળાના ટ્રસ્ટી નિર્મલભાઈ પટેલ, આચાર્યા પ્રીતિબેન વણકર અને શાળાના શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

### નવસારી એલ.સી.બી.એ રૂપિયા 5.65 લાખનો વિદેશી દારૂ અને કાર જપ્ત કરી

નવસારી: આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે નવસારી એલ.સી.બી.એ મોટી કાર્યવાહી કરી છે. એલ.સી.બી. પોલીસ ઇન્સ્પેક્ટર વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ મળેલી ચોક્કસ બાતમીના આધારે નેશનલ એક્સપ્રેસ-વે-4 પર વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન દમણથી દારૂનો જથ્થો ભરી આવતી ગ્રે રંગની મારૂતિ સુઝુકી ઇક્કો કારના ચાલકે પોલીસને જોઈ વાહન પુરઝડપે ભગાડ્યું હતું. પોલીસે પીછો કરતા ચાલક કંબાડા ગામની હદમાં કાર મૂકી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. પોલીસે કારની તપાસ કરતાં પાસ-પરમીટ વિના લવાયેલા ભારતીય બનાવટની વિદેશી દારૂ, વ્હિસ્કી અને વોડકાની કુલ 790 બોટલો, કિંમત રૂપિયા 2.65 લાખ મળી આવી હતી. ઉપરાંત રૂપિયા 3 લાખની કાર સહિત કુલ રૂપિયા 5,65,680નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ અંગે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ફરાર ચાલકને ઝડપી પાડવા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# બીલીમોરા કોલેજમાં ભૂગર્ભ ગટરમાં ૨૦ ફૂટનો ભૂવો પડ્યો

**વિદ્યાર્થીઓની** અવરજવર વચ્ચે જોખમી ખાડો, તાત્કાલિક સુરક્ષા વ્યવસ્થા અને સમારકામની માંગ



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા પંથકમાં ભયાવહ પૂર બાદ અનેક વિસ્તારોમાં નુકસાન અને તારાજીના દૃશ્યો સામે આવી રહ્યા છે. ત્યારે બીવીકે મંડળ સંચાલિત સેલ્ફ ફાઇનાન્સ કોલેજના પરિસરમાં ભૂગર્ભ ગટરની લાઇન પાસે આશરે ૨૦ ફૂટ ઊંડો ભૂવો પડી જતાં ચિંતા ઊભી થઈ છે.

કોલેજ પરિસરમાં દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓની અવરજવર રહે છે. આવી સ્થિતિમાં કેમ્પસમાં જ આટલો ઊંડો ભૂવો પડતાં અકસ્માતની શક્યતા સર્જાઈ છે. ખાસ કરીને વરસાદ બાદ જમીન ભેજવાળી અને આસપાસ ઘાસ ઉગી નીકળ્યું હોવાથી ખાડો સ્પષ્ટ રીતે નજરે ન પડે તેવી સ્થિતિમાં કોઈ વ્યક્તિ અજાણતાં તેની નજીક પહોંચે તો ગંભીર દુર્ઘટના સર્જાઈ શકે છે. ભૂગર્ભ ગટરની આસપાસની જમીન ધસી જતાં અંદરનો ભાગ ખાલી થઈ ગયો હોવાનું જણાય છે. ખાડામાં માટી ઉપરાંત લાકડાં, કચરો સહિતની સામગ્રી પણ જોવા મળી છે. તેથી માત્ર ખાડો પૂરવો પૂરતો નહીં પરંતુ ભૂગર્ભ ગટરની લાઇન અને આસપાસની જમીનની યોગ્ય તપાસ કરી કાયમી ધોરણે સમારકામ કરવું જરૂરી બન્યું છે.

વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી તાત્કાલિક ધોરણે ભૂવા ફરતે બેરિકેડ લગાવી તેને સુરક્ષિત કરવા તેમજ જોખમ અંગે ચેતવણીનું બોર્ડ મૂકવાની જરૂરિયાત છે. સાથે જ સંબંધિત તંત્ર દ્વારા સ્થળનું નિરીક્ષણ કરી ભૂગર્ભ ગટરની સ્થિતિની ચકાસણી કરીને વહેલી તકે સમારકામ હાથ ધરવામાં આવે તેવી કોલેજ પરિવાર અને વાલીઓમાં માંગ ઉઠી છે. વિદ્યાર્થીઓની સતત અવરજવર ધરાવતા કોલેજ કેમ્પસમાં ૨૦ ફૂટ જેટલો ઊંડો ભૂવો લાંબા સમય સુધી ખુલ્લો રહે તે ગંભીર બેદરકારી સાબિત થઈ શકે છે.

# નવસારીમાં સામાન્ય બાબતે ઉગ્ર બનેલા બે વિવાદમાં મારામારી

**ગણેશ** સિસોદરામાં બાળકોની તકરારને લઈને બે પરિવારો વચ્ચે અને વિજલપોરમાં કાર રિવર્સ લેવા બાબતે યુવક પર હુમલો

નવસારી: નવસારી જિલ્લામાં સામાન્ય બાબતે શરૂ થયેલા બે અલગ-અલગ વિવાદો મારામારી સુધી પહોંચી હતી. ગણેશ સિસોદરામાં બાળકો વચ્ચેની તકરારે બે પરિવારોને સામસામે લાવી દીધા હતા, જ્યારે વિજલપોરમાં કાર રિવર્સ લેવાની બાબતે થયેલી બોલાચાલી બાદ એક યુવક પર હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવ નવસારી રૂરલ પોલીસ મથક વિસ્તારના ગણેશ સિસોદરાના ઈન્દિરા નગરમાં બન્યો હતો. જોગેશકુમાર શ્રીપ્રકાશ પાંડેની ફરિયાદ મુજબ, આરોપી અજીત જયકિશન ઠાકોરના પુત્ર શૌર્ય સાથે થયેલી સામાન્ય તકરાર બાદ અજીત જયકિશન ઠાકોર, સુજીત જયકિશન ઠાકોર, જયકિશન ઠાકોર, સંદેશદેવી ઠાકોર અને અજીતની પત્નીએ ગાળાગાળી કરી લાકડાના ફટકાથી હુમલો કર્યો, તેમજ તેમના પિતાને ધક્કો મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જ્યારે સામા પક્ષે અજીતસિંહ જયકિશનસિંહ ઠાકોરએ નોંધાવેલી ફરિયાદમાં શ્રીપ્રકાશ પાંડે, જોગેશ શ્રીપ્રકાશ પાંડે, નિલેશ શ્રીપ્રકાશ પાંડે અને શ્રીપ્રકાશની પત્ની સામે લાકડાથી હુમલો કરી ઈજા પહોંચાડવા, ઢીકામુક્કીનો માર મારવા અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ કર્યો છે. આ મામલે નવસારી રૂરલ પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને જી.પી. એક્ટ હેઠળ ગુના નોંધ્યા છે. બીજો બનાવ વિજલપોર પોલીસ મથક વિસ્તારના મારૂતિનગરમાં બન્યો હતો. નિલેશ ભરતસિંગ ગિરાસેની ફરિયાદ મુજબ, કાર રિવર્સ લેવાની બાબતે થયેલી બોલાચાલી બાદ મહેન્દ્ર પાટીલ, ગોટી ભરવાડ, અમન ચૌધરી તથા અન્ય એક અજાણ્યા ઈસમએ તેમને બોલાવી ગાળાગાળી કરી લાફા-મુક્કીથી માર માર્યો હતો. હુમલામાં ફરિયાદીને મોઢા અને માથાના પાછળના ભાગે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બંને બનાવોમાં પોલીસે ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

### વાંસદા પોલીસે રીક્ષાના ગુપ્ત ચોરખાનામાંથી વિદેશી દારૂ સાથે બેની ધરપકડ

વાંસદાઃ : વાંસદા પોલીસે પ્રોહિબિશનની કાર્યવાહી દરમિયાન બાતમીના આધારે ભીનાર ખડકાળા સર્કલ પાસેથી એક રીક્ષાને અટકાવીને તપાસ કરી હતી. તપાસ દરમિયાન રીક્ષામાં બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી દારૂની ૧૯૨ બોટલો મળી આવી હતી. પોલીસે રૂપિયા ૧,૧૯,૨૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં પોલીસે રીક્ષાચાલક રામભરોસે રામકિશોર રાજભર અને કલ્લુ ખેમે પાલ (બંને રહે. પાંડેસરા, સુરત) ની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો ભરાવનાર અને લેનાર ચંદ્રશેખરનું નામ સામે આવતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

# વાંસદાના ખાનપુર પાસે કારમાંથી ૮૭૩ ગ્રામ ગાંજા સાથે બે પકડાયા

**પોલીસે** કાર, ગાંજો, મોબાઇલ સહિત રૂપિયા ૮.૬૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



વાંસદાઃ વાંસદા પોલીસે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન ખાનપુર ચાર રસ્તાથી મોળાઆંબા તરફ જતા એક હ્યુન્ડાઈ ક્રેટા કારમાંથી ૮૭૩ ગ્રામ ગાંજો ઝડપી પાડી બે આરોપીની ધરપકડ કરી હતી.

વાંસદાના પીઆઈ જે.વી. ચાવડા, પીએસઆઈ એસ.વી. ચોસલા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે વાંસદા તાલુકાના ખાનપુરથી મોળાઆંબા તરફ જતા રસ્તા ઉપર એક શંકાસ્પદ હ્યુન્ડાઈ ક્રેટા કાર નં. MH-03-CM-6108ને રોકી તપાસ કરતા કારની પાછળની સીટમાં રાખેલો ૮૭૩ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો, જેની કિંમત રૂપિયા ૪૩,૬૫૦ મળી આવ્યો હતો. પોલીસે ગાંજા ઉપરાંત રૂપિયા ૮ લાખની કિંમતની કાર, મોબાઈલ ફોન અને અન્ય સામાન સહિત કુલ રૂપિયા ૮,૬૩,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પોલીસે કારના ચાલક અનંતકુમાર હનુમંત વાનોડે તથા ભાઉસાહેબ શિવરામ ચવાણ (ઉં.વ. ૩૦, બંને રહે. નાંદેડ મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ગાંજાનો જથ્થો અશ્વીની ખામકર ઉર્ફે નાના પાસેથી મેળવ્યો હોવાનું જણાવ્યું હતું. તેના આધારે પોલીસે અશ્વીની ખામકરને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે. પોલીસે ઝડપાયેલ બંને આરોપી વિરુધ્ધ ગુનો નોંધી ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# ગણદેવી સુગરમાં સમન્વય પેનલના ચેરમેન અને વાઇસ ચેરમેનપદના નામ નિશ્ચિત

**૧૬ પૈકી** ૧૧ બેઠકો મેળવી સમન્વય પેનલે જમાવ્યો દબદબો, માત્ર ઔપચારિક જાહેરાત બાકી

બીલીમોરા : ગણદેવી સુગર ફેક્ટરી વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ૧૬ બેઠકો પૈકી સમન્વય પેનલ ૧૧ અને સહકાર પેનલનાં ૪ બેઠક જ્યારે એક અપક્ષનો વિજય થયો હતો. જે બાદ સમન્વય પેનલનાં જયંતિભાઇ પટેલની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં સોમવારે ચેરમેનપદે ધામણનાં અમિત પટેલ અને વાઈસ ચેરમેનપદે અલ્પેશ દેસાઈ (મહુવા)ની વરણી થઈ ગયાનું કેહવાય છે. માત્ર ઓપચારિકતા જ બાકી છે. ગણદેવી સુગરનાં જયંતિભાઇ પટેલની સમન્વય પેનલે ૧૧ બેઠકો સાથે બહુમતી મેળવી હતી. જે બાદ ચેરમેન અને વાઈસ ચેરમેન કોણ નાં પ્રશ્નોએ ઉત્કંઠા જગાવી હતી. સમન્વય પેનલમાં અનેક ખમતીધરો વચ્ચે જયંતિભાઇ પટેલે પસંદગીનો કળશ ઢોળ્યો હતો. જેની માત્ર સોમવારે જાહેરાત કરવાની બાકી હોય તે જાહેર કરી તમામ અટકળોનો અંત આવી જશે.

# નવસારીમાં હળવા વરસાદથી લોકોને ગરમીમાંથી રાહત

**ચીખલી** પંથકમાં ૨ મીમી વરસાદ નોંધાયો, અનુકૂળ માહોલ સર્જાતા ખેડૂતોમાં ખુશીની લહેર

નવસારીઃ નવસારી જિલ્લામાં ચોમાસાએ ફરી એકવાર પોતાની હાજરી નોંધાવતા શુક્રવારે દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. તાપમાનમાં ઘટાડાના કારણે લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. ખાસ કરીને ચીખલી પંથકમાં નોંધાયેલા 2 મિમી વરસાદે ખેતી માટે અનુકૂળ માહોલ ઊભો કર્યો છે. નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન વિભાગના 7 ઓગસ્ટ, 2026ના આંકડા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાન 31.3 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 26.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ઓગસ્ટ મહિનાના સામાન્ય તાપમાનની સરખામણીએ આ આંકડો પ્રમાણમાં ઓછો હોવાથી દિવસભર ગરમીનો પ્રકોપ ઓછો રહ્યો હતો.

સવારે હવામાં ભેજનું પ્રમાણ 94 ટકા અને સાંજે 81 ટકા નોંધાયું હતું. ઊંચા ભેજના કારણે વાતાવરણ ભેજયુક્ત રહ્યું હોવા છતાં વાદળછાયા માહોલ અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 7.1 કિલોમીટરની ઝડપે ફૂંકાયેલા પવને ગરમીની અસર ઓછી કરી હતી. હવામાનના આ બદલાયેલા મિજાજથી લોકોને ઉકળાટમાંથી રાહત મળી છે, તો બીજી તરફ ખેડૂતોમાં પણ આશા જાગી છે કે આગામી દિવસોમાં સારો વરસાદ વરસે તો ચોમાસુ પાકને વધુ ફાયદો થશે.